


# शील श्रुतम्

सरदार पटेल विश्वविद्यालयनुं मासिक वृत्तपत्र

વર્ષ: ૨૭ અંક: ૪ જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૭ મહા ૨૦૭૩ સળંગ અંક: ૨૫૯



University Updates

Departments in News 4

Colleges in News 5

Teachers' Corner 8

Students' Corner 9

Community Corner 11


## SPU achieves "A" Grade with the highest CGPA in NAAC Re-accreditation



It's a matter of great jubilation for the entire university fraternity that Sardar Patel University achieved the "A" grade with CGPA 3·25 in the recent NAAC re-accreditation, which is the highest score achieved by any state university in Gujarat.

The following is a brief report of the NAAC visit.

The National Assessment and Accreditation Council (NAAC) PEER Team visited Sardar Patel University, Vallabh Vidyanagar during 5–7 January, 2017. The NAAC PEER Team was headed by Chairperson Prof. Dr. A. K. Pujari, Vice Chancellor, The Central University of Rajasthan. The Members of the Team were Prof. Dr. (Mrs.) Sanjukta Bhattacharya, Professor, Department of International Relations, Jadavpur University; Prof. Dr. B. A. Chopade, Vice


અનુસંધાન પૃષ્ઠ ૨ પર...

## Index

1. Editorial 1
3. Department in News 4
4. Colleges in News 5
5. Teachers' Corner 8
4. Students' Corner 9
5. Community Corner 11

## Editorial Board

**Param Pathak**

**Ujjawal Trivedi**

**Hemant Dave**

**Manish Solanki**

**Dharmendra Mistry**

**Arpit Patadiya**

**Neepa Bharucha**

**Shiv Prasad Shukla**

**Layout Design: Suresh Patel**

## Editorial Policy

**Sheel Shrutam** is the newsletter of Sardar Patel University.

**Sheel Shrutam** publishes news of University's academic institutions, teaching and non-teaching staff and of students.

**Sheel Shrutam** is published in every month except April to June in an academic year.

News should be sent to **Prof. Dr. Param Pathak, Head, P. G. Department of Gujarati, Sardar Patel University** so as to reach fifteen days before the date of publication; news received after that will be included in the next issue.

News should be brief and neatly typed; in case of handwritten news, it should be clearly legible. Photographs—hard, not soft, copy—of important news may also be sent.

News should be sent on the letter-head of the Institution and duly signed.

The decision of the Editorial Board will be final in matters of selection/ editing/publication of news.

**Sheel Shrutam** holds the copyright to the material—textual and photographic—published therein. The right to reprint and reuse such material lies with the University.

The contributors are solely responsible for matters published in **Sheel Shrutam**.

# Editorial



## આજનું શિક્ષણઃ શિક્ષકો અને ભૌતિક સુવિધાઓની વચ્ચે

'They allot more and more money to buildings and to playgrounds and to hostels;
to stone and mortar and mason and labourers;
and they call it advance of education and learning.'

એ લોકો ભવનો, ક્રીડાંગણો અને છાત્રાલયો માટે વધુ ને વધુ નાણાં ફાળવે છે; એ લોકો પથ્થર માટે અને ચૂના માટે તેમજ કડિયા અને મજૂરો માટે વધુ ને વધુ નાણાં ફાળવે છે; અને પછી તેઓ એને ઓળખાવે છે શિક્ષણ અને અધ્યયનની પ્રગતિ તરીકે.

કોઈ જાગૃત વાચકને એમ લાગવા સંભવ છે કે કોઈ ખબરદાર વ્યક્તિએ શિક્ષણની વર્તમાન સ્થિતિ વિશે, ખાનગી અને તથાકથિત સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતાં શિક્ષણગૃહો અને આપણી સરકારો અને સરકારી સંસ્થાઓની માનસિકતા ઉપર ભારે કટાક્ષ કર્યો છે. કારણ, હાલ પણ સ્થિતિ તો એ જ છે. હકીકત એ છે કે આ સ્પષ્ટ, અને બેશક કડવાં, વચનો એફ.જી.સેલ્બીએ ઉચ્ચારેલાં અને તે પણ ૧૮૯૦-૯૫નાં વર્ષોમાં. સેલ્બી પુણેની ડેક્કન કૉલેજમાં પહેલાં લૉજિક ઍન્ડ મૉરલ ફિલોસોફીના પ્રાધ્યાપક હતા અને પછી એ જ કૉલેજમાં આચાર્ય તરીકે નિમાયા હતા. એમની ઉત્કૃષ્ઠ સેવાઓને ધ્યાને લઈ અંગ્રેજ સરકારે એમને મુંબઈ ઈલાકાના જાહેર કેળવણી ખાતાના નિયામક પણ બનાવેલા.

૧૮૫૮માં મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં વિદ્યાપીઠોની સ્થાપના થઈ અને ત્યારબાદ ઉચ્ચ શિક્ષણના વિકાસ માટે અન્યત્ર પણ વિદ્યાપીઠો ખોલાઈ. શાળાકીય શિક્ષણનો પણ વિસ્તાર કરવાનો હેતુ હતો એથી એ મુદ્દા ઉપર પણ ભાર મુકાયો. બન્યું એવું કે વિદ્યાર્થીઓની સંખ્યામાં જેટલો વધારો થયો તેટલી સંખ્યામાં શિક્ષકો મેળવી શકાયા નહીં. છતાં વિસ્તરણની નીતિને પરિણામે જેવા મળ્યા તેવા, અગાઉના જેવા લાયક અને કર્મઠ નહીં તેવા શિક્ષકોની પણ ભરતી કરી ચલાવી લેવું પડ્યું. શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો ગુણોત્તર સચવાયો નહીં. ઉપરથી બળવંતરાય ક. ઠાકોર લખે છે તેમ, '(કેળવણી) ખાતાએ મકાનો, ખેલગાહો, છાત્રાલયો આદિ પાછળ વધારે ખર્ચ કરવા માંડ્યો તે સાથે કેળવણીના શુદ્ધ અન સીધાં કાર્યોને એટલી ઓછી રકમે જ ચલાવી લેવું પડ્યું. પરિણામે શિક્ષણનો સ્તર સતત નીચે પડતો ગયો.

હાલ આપણી આસપાસ અંગ્રેજી માધ્યમની શાળાઓનો રાફડો ફાટ્યો છે. ગળચટા અને પ્રભાવક અંગ્રેજી વિશેષણો અને નામોથી અંકિત આ શાળાઓ એમનાં વાતાનુકૂલિત વર્ગખંડો, કમ્પ્યૂટર અને મલ્ટીમિડિયાથી ચાલતા 'સ્માર્ટ' અભ્યાસક્રમો, લાવવા-લઈ જવા માટેનાં વાહનો, મોટાં ભવનો, પ્રયોગશાળાઓની પોતાની જાહેરાતો કરવાથી થાકતી નથી. આ શાળાઓ એમના અભ્યાસક્રમમાં સીબીએસસી બોર્ડ (મંજૂરી ન મળી હોય તો ત્યાં ફૂદડી મૂકીને નીચે નાના અક્ષરોમાં 'Applied' લખતાં ન શરમાતાં) કે આઈબી (International Baccalaureate) લખીને માબાપને પ્રભાવિત કરવાનું ચૂકતી નથી. ઓછું હોય તેમ, આ જાહેરાતોને તેઓ આ કે તે મંત્રીની છબિઓથી સુશોભિત(?!) કરે છે. કેમ જાણે, મંત્રીશ્રીની છબિમાત્રથી ઉત્તમ શિક્ષણનું પ્રમાણપત્ર ન મળી જતું હોય ! અસ્તુ. આ બધામાં એક વસ્તુ જે ઊડીને આંખે વળગે તે રીતે નદારદ હોય છે તે છે શિક્ષકો.

કોઈ શાળાની જાહેરાતમાં મેં અત્યાર સુધી અમારા શિક્ષકો કર્મઠ, એકનિષ્ઠ, સરકારી ધારાધોરણ અનુસાર છે એમ લખેલું જોયું નથી. અનુભવે અને થોડી તપાસથી જે જણાયું છે તે એ કે શિક્ષકોની ભરતીમાં ભાગ્યે જ કોઈ ગુણવત્તાનું ધોરણ સાચવવામાં આવે છે. (આપણી સ્વનિર્ભર કૉલેજોની સ્થિતિ એનાથી વિશેષ ક્યાં જુદી છે?) એટલે કે, છેવટે બાળકો જેમની પાસે અભ્યાસ કરવાના છે, જે કહેવાતા 'સ્માર્ટ' વર્ગખંડોમાં અંકીય (અં. ડિજિટલ) સંસાધનોનો પ્રયોગ અને ઉપયોગ કરવાના છે, તે શિક્ષકોમાં કોઈ સંસ્થા સામાન્ય રીતે રસ દાખવતી નથી. કાગળ ઉપર શિક્ષકની હાજરી દેખાય એટલું પૂરતું છે. 'હું ટવેન્ટી ફાઇવ ડેઇઝથી જોબ પર લાગી છું' જેવી રદ્દી ગુજરેજી બોલતા શિક્ષક-શિક્ષિકાથી આપણાં મધ્યમવર્ગીય માબાપ અંજાય છે અને મહેનતની કમાણીના રૂપિયા આવાં લેભાગુ શિક્ષણગૃહોને ચરણે અમારા બાળકને ઉત્તમ શિક્ષણ મળશે એવી આશાએ મૂકે છે ત્યારે એ આશા કેટલી ફોગટ છે એનો એમને ખ્યાલ હોતો નથી.

અત્યારે ઉચ્ચ હોદ્દાઓ પર બેઠેલી વ્યક્તિઓમાંથી ઓછામાં ઓછી એંશી ટકા સરકારી કે અર્ધસરકારી ગુજરાતી માધ્યમની શાળાઓ જ અભ્યાસ કરીને આવી છે એટલું સામાન્ય સત્ય પણ ધ્યાને લઈએ તો આ અઢળક નાણાં ખંખેરી લેતી 'ઇન્ટરનેશનલ' સ્કૂલો તરફ દોટ મૂકવાની ઘેટા જેવી માનસિકતામાંથી આપણો મધ્યમા વર્ગ બચી શકે.

સોનાના ઢાંકણ વડે સત્યનું મુખ ઢાંકી દેવામાં આવે છે એમ જે કહેવાયુ તે આ.

– હેમંત દવે

અનુસંધાન મુખપૃષ્ઠ પરથી...

Chancellor, Dr. Babasaheb Ambedkar Marathwada University, Aurangabad; Prof. Dr. G. C. R. Jaiswal, Vice Chancellor, Dr. Ram Manohar Lohia Avadh University, Faizabad; Prof. Dr. Kandarpa Kumar Deka, Vice Chancellor, Mahapurusha Srimanta Sankaradeva Viswavidyalaya, Nagaon, Assam; Prof. Dr. C. R. Karisddappa, Former Professor and Emeritus Professor, Department of Studies in Library & Information Science, Karnatak University, Dharwad; Prof. Dr. (Mrs.) Neeru Vasudeva, Department of Pharmaceutical Science, Guru Jambheshwar, Hisar, Haryana; and Prof. Dr. Ramakant Pandey, Director, Mukta Svadhyaya Peetham (Institute of Distance Education), Rashtriya Sanskrit Sansthan (Deemed University), New Delhi.

On the first day of its visit, the team had a formal meeting with Dr. Shirish Kulkarni, Vice Chancellor, Sardar Patel University, in the presence of IQAC Composition-Coordination Committee and Heads of departments. Afterwards, saw the presentations made by IQAC, Departments of Biosciences, Sanskrit, Physics, English, Computer Science, Business Studies, Mathematics, Gujarati, Sanskrit, Social Work (MSW), Business Management (MBA) and Chemistry.

In the evening, the team had had interactive sessions with post-graduate and M.Phil./Ph.D. research students of all departments as well as with Students' Parents and Alumni. The team also had a formal meeting with the Deputy Registrar (Exam) (Controller of Examinations) and the administrative staff and scrutinised certificates and verified the security measures.

In the late evening, a Cultural Programme was arranged for the Team at M. P. Patel Auditorium in which students of various departments of Sardar Patel University and young students of Central School, Vallabh Vidyanagar, presented a variety of entertaining cultural activities.

On the second day, the Team visited Bhaikaka Library, the departments of Electronics, Statistics, Physics, Pharmaceutical Science, CISST, Materials Sciences, Biosciences, Economics, AERC, Sociology, Political Science, and History, Home Science, Psychology, Hindi and Education to see the presentations and to verify documents, etc.

On the same day, in the afternoon, the Team members formally met registrar of the university, Dr. R. H. Rajput and Chief Accounts Officer. They also paid visit to Women Cell, Community Science Centre, Community Radio Centre, Museum and USIC, Computer Centre, Health Centre, University Press UGC-HRDC, and IQAC Documentary Repository Room and also interacted with the office staff of DPED, Gymnasium, Canteen, Hostels.

In the evening, the Team the heads of affiliated/recognized institutions and later interacted with the non-teaching staff of Sardar Patel University, including Administrative, Support, Technical, Lab Attendants staff, at Gyanodaya.

On the last day, the Exit Meeting of the Team was held in Gnanoday Pariksha Bhavan. The Chairperson of the team, Professor Dr. A. K. Pujari, and other members of the team along with Vice-Chancellor of Sardar Patel University Prof. Shirish Kulkarni, Registrar Dr. Ramsinh Rajput, IQAC Co-ordinator Prof. N. V. Sastry adorn the dais. All faculty members, officers and administrative staff of the university remained present in the meet. Prof. Sastry welcomed the team and university fraternity and expressed his satisfaction at the collective efforts put in by the University for Reaccreditation. The Vice-Chancellor Prof. Kulkarni thanked all employees of the university for their untiring hard work to achieve the best score. Prof. Pujari in his exit speech recounted a parable and appreciated the work done in several departments/sections and emphasised the need to work better in other areas.

As part of the procedure, the Chairperson, along with all the members of the NAAC Peer team, formally handed over the confidential NAAC Report to Vice-Chancellor.

After the official declaration of the grade by the NAAC (Bengaluru), the university celebrated this gala occasion. A formal 'thanksgivings meet' was called on 7 February, 2017 in which the Vice Chancellor and IQAC Co-ordinator thanked the university staff for their unflinching efforts and hard work to achieve such a praiseworthy grade. The Registrar, Dr. Ramsinh Rajput, felicitated the Vice Chancellor, Dr. Shirish Kulkarni, and Co-ordinators and members of IQAC in a formal function held at Gyanodaya. The meeting was followed by a dinner for the entire university fraternity hosted by the IQAC Co-ordinator Prof. N. V. Sastry and Co-Coordinator Prof. Sandip Bhatt.







# Departments in News

## Expert's Talk on Union Budget 2017




Corporation Bank Chair in Management (MBA Programme) and **P.G. Department of Business Studies** organized Expert's talk on Union Budget 2017 on 6th February 2017. Dr. R. H. Rajput, the Registrar of the University welcomed and introduced the guests. Honourable Vice Chancellor of Sardar Patel University Prof. Shirish Kulkarni talked about various aspects of budget implications related to taxation. He said that citizen of country has to pay tax on income they earned and expenses they made. He comprehensively talked about direct and indirect taxes and its relevant changes in union budget 2017.

Well known expert on Budget Analysis Dr. Jaynarayan Vyas also delivered talk on union budget 2017. He started with holistic context of budget. He said that Budget is not merely financial statement it is long term planning and policy document. Expert's talk was followed by interaction with students, faculty members, invitee's guests and research scholars regarding the various aspects of recent budget. The event was graced by Deputy General Manager of Corporation Bank Mr. Mohan Bhat. The event was coordinated by Prof. Raju Rathod – Chairperson of Corporation Bank chair in Management and Prof. S. K. Bhatt, Head of Business Studies Department.

- Corporation Bank Chair in Management (MBA Programme) in association with Junior Chamber International – Vallabh Vidyanagar organized Inter Postgraduate Department's Debate Competition on "Will Demonetization lead to Eradication of Black Money in India" on 16th February 2017 at MBA Department Auditorium. Total 19 students participated in this competition. Postgraduate students of Hindi, Psychology, Political Science, Library and Information Science, Business Studies (Commerce) and Business Management have participated in competition. Mr. Ashish Trivedi – Editor Divyabhaskar and Mr. Jigar Solani – Industrialist and President of JCI VVN served as judge in this competition. The first prize was won by Hemali Parikh, Second prize hold by Dipak Rathod and third prize was secured by Shruti

Bhatt. Participation certificates were given to each participants. The programme was coordinated by Prof. Raju Rathod – Chairperson of Corporation Bank chair in Management and project director Jc Rajni Patel –Entrepreneur having factory in Vithal Udyognagar GIDC.

- તા. ૨૦-૧૨-૨૦૧૬ના રોજ 'પ્રક્ષાલ' કોમ્પ્યુટર એજ્યુકેશનના સહકાર થકી અનુસ્નાતક શિક્ષણ વિભાગ ખાતે પ્રવર્ચન-ચર્ચા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
- એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટીમાં 'કેશલેસ અભિમુખતા' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# Colleges in News

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં ''ડિજિટલ પેમેન્ટ અને કેશલેસ ઈન્ડિયા'' વિષય પર કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા લોન્ચ કરેલ વિત્તિય સાક્ષરતા કાર્યક્રમ (વિસાકા) અંતર્ગત આ કાર્યશાળાનું આયોજન થયું હતું. કોલેજના પ્રા. ડૉ. ઉષા એસ. શારડા તથા પ્રા. સુભાષાભાઈ વી. મકવાણા દ્વારા ડિજિટલ પેમેન્ટ કેવી રીતે કરી શકાય તેની વિવિધ રીતોની ચર્ચા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન તથા વિડિયો દ્વારા કરી હતી. ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, આધાર કાર્ડ, ઈ વોલેટ તથા પોઇન્ટ ઓફ સેલ્સ (પી.ઓ.એસ.) તથા ઓનલાઇન દ્વારા પેમેન્ટની વિગતો વિવિધ દસ્તાવેજી ફિલ્મો દ્વારા સ્પષ્ટ કરવામાં આવી હતી. સાથે જ કાર્ડ કે ઈ-વોલેટથી ડિજિટલ પેમેન્ટ દ્વારા કેશલેસ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા માટેની ૧૧ ઉપાયોની વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી.
- નોબેલ પારિતોષિક વિજેતા ભારતીય-અમેરીકન વિજ્ઞાની ડૉ. હરગોવિંદ ખુરાનાની જન્મજયંતિ નિમિત્તે એન.વી. પટેલ સાયન્સ કોલેજના માઇક્રોબાયોલોજી, બાયોટેકનોલોજી, જીનેટિક્સ અને બાયોઇન્ફોર્મેટીક્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે જીનક્વેસ્ટ-૨૦૧૭ સ્પર્ધાનું ૭ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં સમગ્ર રાજ્યની ૧૫ જેટલી સાયન્સ કોલેજના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ જુદી-જુદી સ્પર્ધાઓ જેવી કે મૌખિક રજૂઆત, શોધપત્ર વાચન, ચિત્રસ્પર્ધા, વિજ્ઞાન ઠઠ્ઠાચિત્ર, પ્રશ્નોત્તરી સ્પર્ધા વગેરેમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

  આ કાર્યક્રમના ઉદ્દ્ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પધારેલા સિકાર્ટના નિયામકશ્રી ડૉ. એ. આર. જાનીએ પ્રસંગોચિત પ્રવચનમાં જણાવ્યું હતું કે બાયોલોજી હાલમાં વિજ્ઞાનની કોઈપણ શાખા સાથે સાંકળવાનો પ્રયત્ન કરી વિજ્ઞાનના મહત્ત્વના કોયડાઓ ઉકેલવાના પ્રયોસો થઈ રહ્યા હોય ત્યારે ડૉ. હરગોવિંદ ખુરાનાની જન્મજયંતી નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમ વિદ્યાર્થીઓની ક્ષમતાઓને ઉજાગર કરશે અને આ વિષયમાં વિદ્યાર્થીઓ વધુને વધુ રસ લેતા થાય તેવી આબોહવા સર્જવામાં મહત્વનો ભાગ ભજવશે.
- ૧૩ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજમાં એક દિવસીય રાષ્ટ્રીય કક્ષાની સંશોધન અંગેની કાર્યશાળા યોજવામાં આવી. આ રાષ્ટ્રીય સંશોધન કાર્યશાળાનો વિષય 'How to write a Research Proposal' હતો. ઉદ્દ્ઘાટન સમારંભમાં સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. શિરીષ કુલકર્ણી સમારંભના મુખ્ય અતિથિ તરીકે હતા. સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને સેક્રેટરી શ્રી ભીખુભાઈ એન. પટેલ વર્કશોપમાં અધ્યક્ષ પદે હતા.

આ કાર્યશાળામાં બે સમાંતર બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. એક વિભાગમાં કોમર્સ અને વ્યવસ્થાપન, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, અને આંકડાશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અધ્યાપકોએ સંશોધન અરજી અંગેની માહિતી મેળવી અને બીજા વિભાગમાં કોમ્પ્યુટર એપ્લિકેશનના પ્રાધ્યાપકોએ ઉપરોક્ત માહિતી મેળવી.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. શિરીષ કુલકર્ણી એ ઉદ્‌ઘાટન સમારંભમાં સંશોધન અંગે પાયાની જાણકારી આપી હતી.

## વાણિજ્ય

- સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ
  - શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયનને શ્રદ્ધાસુમન અર્પણ --
  - બંધારણ દિવસની ઉજવણી તા.૨૫-૧૧-૧૬
  - પતંગોત્સવની ઉજવણી તા.૧૧-૧-૧૭
  - ભયમુક્ત જીવન અને વ્યક્તિત્વ વિકાસ ઉપર સેમિનાર તા.૫-૧-૧૭
  - ડી.ડી.યુ. કૌશલ કેન્દ્ર અંતર્ગત વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી --
  - ઈન્ટરકલાસ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન --
  - પોપ્યુલેશન સેલના ઉપક્રમે 'જીવનમાં સુખી થવાની ચાવી' વ્યાખ્યાન - પ્રા. રમેશ તલાટી --
  - કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વીકનું આયોજન તા. ૧૫ થી ૨૨-૧-૧૬ સરદાર પટેલ સ્મારકની મુલાકાત, બહુરાષ્ટ્રીય કંપનીઓ પર પ્રો. દર્શનાબેન રોહિતના અતિથિ વ્યાખ્યાન તેમજ વિમુદ્રીકરણ પર ચર્ચાસ્પર્ધા, બિઝનેસ બાઝીગર કાર્યક્રમ, ડમી બેન્ક, કારકિર્દી માર્ગદર્શન, પરીક્ષાલક્ષી માહિતી, કરવેરા, તેમજ જીએસટી વિષય પર સતીશ ચૌધરીનું અતિથિ વ્યાખ્યાન
  - 'અમન' શીર્ષક હેઠળ ઈદ-એ-મિલાદની ઉજવણી --
  - નાતાલ પર્વની ઉજવણી તા. ૨૪-૧૨-૧૬
- આણંદ કોમર્સ કોલેજ, આણંદ
  - રક્તદાન શિબિર --
  - બી.બી.એ.(આઈ.બી.) ના વિદ્યાર્થીઓએ મોગરી મુકામે દિવ્યાંગ વિદ્યાર્થીઓની શાળાની મુલાકાત લીધી તા.૨-૧-૧૭
  - વાનગી સ્પર્ધાનું આયોજન તા.૬-૧-૧૭

## વિજ્ઞાન

- નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સિસ, વલ્લભવિદ્યાનગર
  - મશરૂમ સંવર્ધન અંગેની તાલીમનું આયોજન --

## શિક્ષણ

| | | |
|---|---|---|
| – આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ | – ગઝલ સ્પર્ધા | -- |
| | – ગણિત-વિજ્ઞાન પ્રશ્ન સ્પર્ધા | તા.૧૬-૧-૧૭ |
| | – વક્તૃત્વ સ્પર્ધા | -- |
| | – સ્વામી વિવેકાનંદ – પુસ્તક પ્રદર્શન | તા.૧૨-૧-૧૭ |
| | – મહેંદી, કેશગૂંફન, સમૂહગીત તથા આરતી સુશોભન | તા.૧૭-૧-૧૭ |
| | – 'શાશ્વત ગાંધી વર્તમાનમાં' – વિષય પર વક્તવ્ય | -- |
| – એન.એચ.પટેલ કોલેજ ઓફ એજયુકેશન, આણંદ | – એઈડ્સ ડે જાગૃતિ અભિયાન કાર્યક્રમ | -- |
| | – સ્વામી વિવેકાનંદજીની ફિલ્મ નિર્દેશન | -- |
| | – બ્લડ સ્ટેમ સેલ જાગૃતિ કાર્યક્રમ | -- |
| | – સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી તથા પુસ્તક પ્રદર્શન | તા.૧૧,૧૨-૧-૧૭ |
| | – કમ્પ્યુટર ઓપરેટિંગ સિસ્ટમ વિષય પર વ્યાખ્યાન | -- |
| | – રમતોત્સવની ઉજવણીઃ સંગીતખુરશી, લીંબુચમચી કોથળાદોડ, લાંબી કૂદ, દોરડાખેંચ | -- |
| | – પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ રંગારંગ કાર્યક્રમ | તા.૨૫-૧-૧૭ |
| | – કમ્પ્યુટર વિષયક વ્યાખ્યાન | -- |
| | – 'શિક્ષણમાં નાટક' વ્યાખ્યાન-પ્રા. કવિત પંડ્યા | -- |
| | – 'ચોક એન્ડ ડસ્ટર' ફિલ્મનું નિદર્શન | -- |
| | – બંધારણ દિવસની ઉજવણી | તા.૨૬-૧૧-૧૬ |
| | – ટી.એલ.એમ. વર્કશોપનું આયોજન | -- |

## તબીબી

| | | |
|---|---|---|
| – શ્રીમતિ કમલાબેન પી. પટેલ ઈન્સ્ટિ. ઓફ ફિઝિયોથેરાપી એન્ડ ઓક્યુપેશનલ | – ડિસેબીલિટી સેલિબ્રેશન | તા. ૩-૧૨-૧૬ |
| | – વર્કશોપ ઓન હેન્ડ સ્પિલિન્ટિંગ | તા.૫,૬-૧-૧૭ |



In China, recently status report has been prepared for the progress of ferrofluids lubricants by wie Huang and Xiaolei Wang. Nine papers of **Dr. G. M. Deheri** of Dept. of Mathematics have figured in the discussion of this report. Different models proposed by Dr. Deheri (and his collaborators) have been compared with the existing models in the field of magnetic fluid based bearing systems and conclusions have been drawn. This status report has appeared in Lubrication Science (2016).

# Teachers' Corner


- **Dr. Yogesh C. Joshi**, Professor & Head, Department of Business Management, S. P. University & **Dr. Falguni H. Pandya**, Assistant Professor, Department of Business Management, D.D.I.T. have been awarded the Dadabhai Naoroji Prize of S. P. University, Vallabh Vidyanagar for their joint research paper entitled "Impact of fiscal Incentives on SEZs" performance in Gujarat.
- અનુસ્નાતક બાયોસાયન્સિસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીના વડા તરીકે પ્રો. ડૉ. કે. સી. પટેલની ૧૬ જાન્યુઆરી ૨૦૧૭થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૨ સુધી પાંચ વર્ષ માટે કરવામાં આવી છે.
- અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીના વડા તરીકે પ્રો. પરમ પાઠકની નિમણૂક તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૭ થી ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી કરવામાં આવી છે.
- અનુસ્નાતક એમ. બી. એ. વિભાગના પ્રો. ડૉ. યોગેશ જોશીની સંશોધન યોજના "A Study of Skills and Capabilities of Rural Youth in Gujarat"ને રાજીવ ગાંધી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યુથ ડેવલપમેન્ટ, મિનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ, ચેન્નઈ દ્વારા સ્વીકૃતિ મળી છે. આ માટે રૂ. ૩,૧૦,૦૦૦/- રૂપિયાનું અનુદાન પણ મંજૂર કરવામાં આવ્યું છે. આ સંશોધન યોજનાનો કાર્યકાળ ૧૮ માસનો છે.
- એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં કાર્યરત પ્રાધ્યાપક સુભાષ મકવાણાને ભાભા નેશનલ એકેડેમી તથા રમન સાયન્સ અને ટેક્નોલોજી ફાઉન્ડેશન (સી.ટી.ઈ.)ના સંયુક્ત ઉપક્રમે યોજાએલ રાજ્યસ્તરીય ક્રિયાત્મક સંશોધનસ્પર્ધામાં અધ્યાપક વિભાગમાં પ્રથમ ક્રમાંક મેળવવા બદલ અભિનંદન !! તેમને આ માટે એકેડમી તરફથી સુવર્ણચંદ્રક, પ્રશસ્તિપત્ર તેમજ પ્રમાણપત્ર એનાયત કરાયાં હતા.
- સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલીત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના વરિષ્ઠ અધ્યાપક આર.ડી. ટેલરને બોર્ડ સ્ટડીઝના એકાઉન્ટન્સી વિભાગના ચેરમેન તરીકે નિયુક્તિ થવા બદલ અભિનંદન !!
- અનુસ્નાતક ઈતિહાસ વિભાગના અધ્યાપક હેમન્ત દવેએ ફોરમ ફોર કન્ટેમ્પરરી થિયરી, વડોદરા અને દહેરાદૂન સ્થિત દૂન યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગ દ્વારા ૧૮-૨૧ ડિસેમ્બર ૨૦૧૬ દરમ્યાન આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં હાજર રહી 'ડિમટિરિઅલાઈઝિંગ એવિડન્સ : ધ પાસ્ટ ઈન મેઈનસ્ટ્રીમ હિસ્ટૉરિઓગ્રાફી' વિષય પર શોધપત્રનું વાંચન કર્યું હતું. આ જ પરિસંવાદમાં અંગ્રેજી વિભાગના અધ્યાપક મનીષ સોલંકીએ 'મલિક સજાદ્સ મુન્નુ : ટેક્સ્ચર અવ સિંમ્સ એન્ડ મટિરિઅલિટી અવ આર્ટિફેક્ટ્સ' વિષય ઉપર તથા પીયૂષ રાવલે 'દેરિદા એન્ડ પેઈન્ટિંગ : ડિકન્સ્ટ્રક્ટિંગ ધ વેસ્ટર્ન ફિલોસોફી અવ આર્ટ' વિષય ઉપર શોધપત્રનું વાંચન કર્યું હતું. તદ્ઉપરાંત, મનીષ સોલંકીએ સોનાપુર કોલેજ, ગુવાહાટી (આસામ) ખાતે તા. ૨૬-૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૬ "રિડીંગ, ટીચીંગ એન્ડ પર્ફોર્મિંગ શેક્સપિયર ઈન કન્ટેમ્પરરી ટાઈમ્સ"ના વિષય પર યોજાયેલ દ્વિદિવસીય રાષ્ટ્રીય પરિષદમાં ભાગ લઈ પોતાના શોધપત્ર 'હોમોસોશિયલીટી/હોમોસેક્સ્યુઅલીટી એન્ડ શેક્સપિયર: બખ્તિનિઅન રિડીંગ અવ કીંગ લીઅર'નું વાચન કર્યું હતું.
- **Prof. Raju Rathod** and **Prof. Yagnesh Dalvadi** presented case titled "Enhancing and Exploring Human Resources in Hospital Services: Issues and Solution" which was based on behavioural training programme they have been conducting at Krishna Medical Hospital, Karamsad for last two years. Global Summit on Management Cases has been organizing by Indian Institute of Management on 10-11 February 2017. They also got opportunity to interact with very famous author Prof. Prasanna Chandara who wrote well known text books of Finance Management and Project Management. They have also visited Indian Institute of Technology (IIT Raipur Bilaspur campus) and IIM Raipur campus and interact with their faculty members. At IIT Raipur they visited 3D Laboratory of Institute.

# Students' Corner



## નાર્યોદય (ગેય કાવ્ય)

નારી ન હારી, છે એ નિરાળી, સૃષ્ટિમા છે પ્યારી..
સત્તા-મહત્તા એની દાસી, નારી કદી ન હારી.....(૨)
તલવારથી તેજ આંખો એની જીભ જાણે અંગારો,
અંતરની એરણ પર જાણે ધરતી સોળ શૃંગારો,
મેલી હતાશા અને નિરાશા..(૨) બનતી સૌની આશા..
સત્તા-મહત્તા એની દાસી..
સૌના હિતમાં સુખ ગણતીને સૌના દુ:ખડા હરતી,
હૈયુ મસ્તક હાથ ધરીને, સંઘર્ષો બહું કરતી,
આલે ઝબુકતી વીજળી જેવી..(૨) એ જગદંબા મહાકાલી..
સત્તા-મહત્તા એની દાસી..
શાલભંજિનકા, ઋતુંભરા ને મૃગનયની એ કેવી...!
દુષ્કર્મોનો નાશ કરતી, વિશ્વંભરા એ દેવી..!
પાપી હેવાનોને હણવા..(૨) સૌના પર એ ભારી..
સત્તા-મહત્તા એની દાસી..
હૈયુ જાણે હિમાલયને, મીઠી એના ભાષા..
વિહંગ થઈને ઊંચે ઊંચે આંબવાની આશા..!
ઝટપટ ઝટપટ કરતી વહીવટ...(૨) વસુધા એ મતવાલી...
સત્તા-મહત્તા એની દાસી..
મધર ટેરેસા, કલ્પના, નિરઝા, લતા અને માધુરી,
તાલની સાથે હાલ મિલાવી, દેતી એ બહાદુરી,
ઈતિહાસના પાને પાને...(૨) દેવી એ ચિનગારી...!
સત્તા-મહત્તા એની દાસી નારી તુ ના હારી...
- ધર્મિષ્ઠા પરમાર



ભાઠામાં પડેલો ધગધગતો અંગાર પણ
કોઈ ઘડીએ શીતળ લાગે
જીવતરની આંટીઘૂંટીથી ગૂંથાયેલી કેડીઓ પણ
સાવ ચોખ્ખી ભાસે
શાને પેલો ઘાટ્ટો રંગ
સાવ ધોળી નજરુંમાં રેલાઈને છાજે
અલ્યા...લાખ પોતીકું લાગ્યું મુંને
પેલું હાવ અણજાણ્યું માણહ આજે...
- બરફી

રોજ સમી સાંજે કરે ડોકિયું
પેલું શ્યામ શમણું
વાટ પકડી'તી કાળી મિલો તરફ
છોડીને ગામનું ઝાલરટાણું..
- બરફી

- ચિરાગ મહેશભાઈ શર્મા
અંગ્રેજી વિભાગ, સેમ.૩

- સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના એમ. કોમ. સેમ.૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી અમિતકુમાર નારાયણભાઈ કનોજિયાએ રાયફલ શૂટિંગમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી. અમિતે આંતરયુનિવર્સિટી એર રાયફલ શૂટિંગ ચેમ્પિયનશીપ-૨૦૧૬માં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો. તેઓ ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી એર રાયફલ કોમ્પિટિશન ઇન અમૃતસર-૨૦૧૬માં પસંદગી પામ્યા હતા. વેસ્ટઝોન ૨૨ સ્મોલ બોર ફ્રી રાયફલ શૂટિંગ ઇન પ્રોન પોઝીસન ૫૦ મીટર મેન ઈન્ડિવિઝ્યુલ ઇવેન્ટમાં આઠમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમજ વધુમાં, ૬૦મી નેશનલ શૂટિંગ કોમ્પિટિશન ચેમ્પિયનશીપમાં પણ પ્રમાણિત થયેલ છે. રીનોલ્ટ, શોટ ઓફ ઇન્ડિયા તરફથી પણ તેમને પ્રમાણપત્ર મળ્યું છે. ફર્સ્ટ એન્ડ સેકન્ડ ટ્રઈલ ઓફ ઇન્ડિયા શૂટિંગ ટીમ ટ્રેઈલ્સમાં પણ તેમની પસંદગી થઈ છે.
- આણંદ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી (એસ.યુ.ઓ.) કૃણાલ આર. પટેલે 13th Guarat. Battalion NCC માંથી Adventure Course UTTARKASI (UTTARAKHAND) INDIA માં Obstacle Race માં બીજો ક્રમ તેમજ Point to Point March માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે.
- નોબેલ ફાઉન્ડેશન ભારત સરકાર અને ગુજરાત સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ નોબેલ પ્રાઈઝ સિરીઝના વિજ્ઞાન પ્રદર્શનમાં એનવીપાસના ૧૫ વિદ્યાર્થીઓ તથા ૨ પ્રાધ્યાપકોએ હાજરી આપી હતી.
- એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રશિક્ષણાર્થીઓ હિતેશ જે. જાદવ અને નેહાબેન એન. રાજ ૯-૧૦ જાન્યુઆરીએ ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે યોજાયેલા નોબલ પ્રાઈઝ એક્ઝિબિશન તથા વાઈબ્રન્ટ ગુજરાત સમિટ, ગાંધીનગર મુકામે નેશનલ ડાયલોગ પ્રોગ્રામમાં પસંદગી પામ્યા હતા.

---

અનુસંધાન અંતિમ પૃષ્ઠ પરથી...

પ્રથમ દિવસે ''આદિમ રાત્રિ કી મહક'' એ બિહારનું નાટક ભજવાયું, જેનું દિગ્દર્શન શશીકાન્ત રોય દ્વારા થયેલું. દ્વિતીય દિવસે આણંદની નાટ્ય મંડળી દ્વારા ડૉ. કિરણ ભોકરી દિગ્દર્શિત ''અગ્નિશેષ'' નાટક રજૂ થયું. ત્રીજે દિવસે ''પ્રેમ ના હાટ બિકાય'' એ નાટક ઉત્તરપ્રદેશના લખનૌના જૂથ દ્વારા પુનિત મિત્તલ નિર્દેશિત-અભિનિત નાટક ભજવાયું હતું. ત્યારબાદ તપન ભટ્ટના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ રાજસ્થાનના ''રાજપૂતાના'' નામક નાટક ચોથા દિવસે પ્રસ્તુત થયું. અને અંતિમ દિવસે કનુભાઈ પટેલના દિગ્દર્શનમાં નાટક ''એક થા ગધા'' ઉર્ફે 'અલ્લાદાદ ખાઁ' ભજવાયું. આ ઉત્સવ દરમ્યાન શ્રી કનુભાઇ પટેલ દ્વારા જાહેરાત કરાઈ કે, નાટ્યકળામાં રસ ધરાવતા કોઇપણ વ્યક્તિ માટે વિનામૂલ્યે વર્કશોપ શરૂ કરશે, જેમાં નાટ્યકળા શીખવવામાં આવશે.







# 'Community' Corner

- કોમ્યુનિટી રેડિયો સ્ટેશન દ્વારા યુવાનોમાં યોગનું મહત્ત્વ અંગે યોગાચાર્યશ્રી દુષ્યંતભાઈ મોદીનો એક વિશેષ કાર્યક્રમ બનાવવામાં આવ્યો હતો. એનું પ્રસારણ ૪ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ થયું હતું.

- કોમ્યુનિટી રેડિયો સ્ટેશન વિભાગમાં, તારીખ ૨૩-૧૨-૨૦૧૬ શુક્રવારના રોજ ડિપાર્ટમેન્ટ ઓફ એક્સટેન્શન એજ્યુકેશન બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર, આણંદ ખાતેથી કુલ ૦૯ વિદ્યાર્થીઓએ કોમ્યુનિટી રેડિયો સ્ટેશનની મુલાકાત લીધી હતી, તે વિદ્યાર્થીઓને કોમ્યુનિટી રેડિયો સ્ટેશનના કર્મચારી દ્વારા કાર્યક્રમ કેવી રીતે બનાવવા, રેકોર્ડિંગ કેવી રીતે કરવું, કાર્યક્રમ બની ગયા પછી તેનું પ્રસારણ કેવી રીતે કરવું તથા રેડિયો સ્ટેશનમાં આવેલ બીજા વિવિધ સાધનો વિશેની માહિતી પૂરી પાડવામાં આવી હતી.

## 'કાવ્યસંધ્યા'



વીમિન સ્ટડી સેન્ટર અને વીમેન સેલ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર દ્વારા તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ સાંજે ૬ થી ૮ દરમ્યાન એમ.પી. પટેલ ઓડિટોરિયમ, વલ્લભવિદ્યાનગર ખાતે 'કાવ્યસંધ્યા' કાર્યક્રમ યોજાઈ ગયો.

અનુસ્નાતક ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ ડૉ. પિનાકિની પંડ્યાએ ગુજરાતભરથી પધારનારા સંસ્કૃતિરાણી દેસાઈ, ગાયત્રી ભટ્ટ, લતા હિરાણી, એષા દાદાવાલા, મીનાક્ષી ચંદારાણા, સોનલ દે દેસાઈ, દક્ષા પટેલ, લક્ષ્મી ડોબરિયા, સ્મિતા શાહ, માલિની ગૌતમ, અને અનુ મહેતા એમ કુલ અગિયાર કવયિત્રીઓનો પરિચય કરાવ્યો હતો.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. શિરીષ કુલકર્ણીએ મરાઠી, હિન્દી, સંસ્કૃત કવિતાનો સંદર્ભો સાથે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. દરેક કવયિત્રીએ સ્વરચિત કવિતાઓનું ભાવવાહી પઠન કર્યું. આ કવિતાઓ સ્ત્રી જીવનનાં વિવિધ પાસાંઓને સ્પર્શતી હતી.

કાર્યક્રમનું સંચાલન વિરાજબહેન પટેલ અને એષા દાદાવાળાએ કર્યું હતું.

# બ્રહ્માંડ દર્શન

(લેખક : પંકજ શાંતિલાલ જોશી, યજ્ઞ પ્રકાશન, વડોદરા, ચોથી આવૃત્તિ, વર્ષ ૨૦૧૧, કિંમત ૬૦ રૂપિયા)

પહેચાનો આ પુસ્તકને અંતર્ગત ઓળખીએ પુસ્તક 'બ્રહ્માંડ-દર્શન'ને... લેખક કહે છે માનવજાતને જન્મથી જ પોતાની આસપાસની સમગ્ર દુનિયા-વિશ્વનો અનુભવ થયા કરે છે. પ્રત્યેક ક્ષણે અને પળે પળે. આમાંથી જ સમગ્ર બ્રહ્માંડને, અને પોતાની જાતને સંપૂર્ણ અને સમગ્ર રીતે સમજવાનાં ઝંખના અને યત્ન જાગ્યા વિના રહેતાં નથી. મનુષ્ય પોતે પણ બ્રહ્માંડનો અંશમાત્ર છે, આથી સાચા અર્થમાં બ્રહ્માંડને સમજતાં જતાં પોતાના વિશેની સમજણ પણ ખીલ્યા વિના રહેતી નથી. અને ઊલટું પણ એટલું જ સાચું છે કે જેમ પોતાને વધારે સમજીએ તેમ વિશ્વ પણ વિશેષ સમજાતું જાય છે! આ જ આપણા અસ્તિત્વની અદભુત વાત અને ઘટના છે.

બ્રહ્માંડના દર્શનની આવી એક ઝાંખી અને ચિત્ર આપવાનો લેખકનો અહીં પ્રયાસ છે. તેમના મતે, બ્રહ્માંડ એટલે કેવળ આકાશ અને તારાઓની દુનિયા એટલું જ નહિ, તેમાં જીવસૃષ્ટિ, વનસ્પતિસૃષ્ટિ, આપની આજુબાજુની દુનિયા અને વસ્તુમાત્ર આવી જાય. આટલું જ નહિ, આપણી આંતરસૃષ્ટિ અને આપણે પોતે પણ આ સમગ્રતાનો જ એક ભાગ છીએ, જેની સાથે આપણું આદાન-પ્રદાન સતત ચાલ્યા જ કરતું હોય છે. ખરેખર તો આવા સાચા અર્થમાં આપણી જાતને બ્રહ્માંડના અંશ તરીકે જાણવી, સમજવી એ પણ એક પ્રાપ્તિ અને સિદ્ધિ છે, જેનાથી આપણા ઘણાયે પ્રશ્નોનું સમાધાન થઈ જાય છે. આ પુસ્તકમાં અપાયેલાં શબ્દચિત્રો આવી જ પ્રાપ્તિનો એક દિશા-સંકેત કરાવી જાય છે.

કાંતિ શાહ પુસ્તકના પ્રાસ્તવિકમાં કહે છે. એક શીખેલ સમજણા જણની આંગળીએ પિંડ-બ્રહ્માંડની વિચારયાત્રા પુસ્તકરૂપે ચાલે તે આહ્‌લાદક અને ઉદબોધક જ હોય ને ! પ્રાસ્તવિક જ પુસ્તકને વાંચવા માટે અભિપ્રેરિત કરી દે છે. તેમાંના જ કેટલાક અંશોની પ્રસ્તુતિ અહીં મૂકી આપી છે.

પ્રસ્તુત પુસ્તક ચાર વિભાગ અને (વિનોબા લિખિત) પરિશિષ્ટ સહિત ૨૦૭ પૃષ્ઠમાં વહેંચાયેલું છે. પુસ્તકના આરંભે ફ્રિત્જોફ કાપ્રાના કાવ્યનો ભાવાનુવાદ પુસ્તકનો ઉઘાડ કરી આપે છે. પ્રથમ વિભાગમાં કુલ ૧૮ લેખો : જીવનમાંથી હું શું શીખ્યો? વિજ્ઞાનની સર્જનપ્રક્રિયા, વિજ્ઞાન અને આધ્યાત્મ, વિજ્ઞાન અને ધર્મ, જીવનના સમગ્ર પરિપ્રેક્ષ્યમાં વિજ્ઞાન, પોણી સદીની બ્રહ્માંડયાત્રા, વિજ્ઞાનનું ભવિષ્ય અને ભવિષ્યનું વિજ્ઞાન, પર્યાવરણનો પ્રશ્ન, આમ ક્યાં સુધી ચાલશે? ક્યાંક પૃથ્વીને ઊગતી ભાળું, નવી સદીનું ખગોળવિજ્ઞાન, બ્રહ્માંડ-દર્શન અને અદભુત રહસ્ય, તારા-સૃષ્ટિ, પરમાણુ-સંયોજનની પ્રક્રિયા, પરમાણુ અને બ્રહ્માંડ, ખગોળના મહાપ્રશ્નો, અદશ્ય દ્રવ્ય અને બ્રહ્માંડનાં રહસ્યો પર ઢંકાયેલા પડદાનું સૌંદર્ય સમાવિષ્ટ છે. દ્વિતીય વિભાગમાં પુરવણી રૂપે કેટલાક રસપ્રદ લેખો અનુક્રમે : (વિજ્ઞાન-અધ્યાત્મના કેટલાક સાધકો) બે આર્ષદષ્ટાનું આંતર-મિલન, ડૉ. સુબ્રમણ્યમ ચંદ્રશેખર, બ્રહ્માંડનો તાગ લેવા મથતા આધુનિક ઋષિ વિજ્ઞાની ડૉ. હોકિંગનું બ્રહ્માંડ, હેન્રી પોકારે અને ગ્રેગરી પેરેલમાન, વાત એક અમેરિકન મહિલા વિજ્ઞાનનીના સંઘર્ષની, વિષ્ણુ વાસુદેવ નારળીકર, પારાશર્યઃ અદીઠના પ્રવાસી, સૂર્યની મૈત્રી સમાવવામાં આવ્યા છે. તૃતીય વિભાગ (આઈન્સ્ટાઈન અને સાપેક્ષવાદ) અંતર્ગત સાપેક્ષવાદ, સાપેક્ષતાના સો વર્ષ, આઈસ્ટાઈનનું બ્રહ્માંડ, અગ્નિલોકના મંડપમાં! આ લેખો સરળ રીતે સાપેક્ષવાદની સમજૂતી રજૂ કરે છે. અંતે ચોથા વિભાગમાં (જીવવું તો વૈજ્ઞાનિક અભિગમથી) જ્ઞાન-વિજ્ઞાન અને આજની પેઢી, જ્યોતિષ અને ખગોળશાસ્ત્ર, ચંદ્રની ચોવટ તુ મેલી દે પ્રાણિયા, ગુજરાતીમાં બોલો, શું ગુજરાતીને ખતમ કરીશું? જેવાં શીર્ષકો હેઠળની લોકભોગ્ય વાચનશ્રેણી ધરાવે છે. અંતે પરિશિષ્ટમાં વિનોબાજી લિખિત 'અધ્યાત્મના સમન્વયના ભવ્ય યુગ ભણી'નો સમાવેશ કરાયો છે.

મૂળ ભાવનગરના વતની લેખક એક ઉચ્ચ કક્ષાના ખગોળવિજ્ઞાની છે. એમણે તાતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચમાં મહાકાય તારાઓની અંતિમ અવસ્થા વિશેના સંશોધન બાબત નોબલ પારિતોષિક માટે લેખામાં લેવાય તેવું સંશોધન કરીને મોટી છલાંગ ભરી છે.

પુસ્તકમાંનો પ્રત્યેક લેખ અત્યંત સરળ પ્રવાહી શૈલીમાં રજૂ થયો છે. રોચક ઉદાહરણો, સંદર્ભો, લેખકના અનુભવો, અને મહાન વિજ્ઞાનીઓનાં મત તેમજ અવતરણોસહ પુસ્તક એકી બેઠકે વાંચીને પૂર્ણ કરવાનો ઉત્સાહ પ્રેરે છે. કેટલાક પ્રશ્નોના રસપ્રદ ઉત્તરો લેખકે સુંદર રીતે આપ્યા છે. લેખક ઉચ્ચ કક્ષાના ખગોળ-વિજ્ઞાનીની રુએ આપણી સમક્ષ બ્રહ્માંડના અનંત રહસ્યો હસ્તામલકવત ખોલી બતાવે છે. આપણી આકાશગંગામાં ૪૦૦ થી ૫૦૦ અબજ તારાઓ, સૂર્ય આવા અબજો તારાઓમાંનો એક સામાન્ય તારક, આપણી પૃથ્વી સૂર્યમંડળનો એક સામાન્ય ગ્રહ, અને આપણી આકાશગંગા જેવાં તો બ્રહ્માંડમાં આશરે ૩૦૦ કરોડ જેટલાં તારાવિશ્વો અર્થાત્ ગેલેક્સીઓ! ઉપરાંત, આ બધા તારા પ્રકાશ આપે છે તેથી આપણે તેમને જોઈ શકીએ છીએ. પરંતુ એવા પદાર્થો કે દ્રવ્ય હોય કે જે પ્રકાશ ફેંકતા ન હોય, તો તેને તો આપણે જોઈ શકીએ નહીં. આ અદ્રશ્ય દ્રવ્ય છે. આખુંય તારાવિશ્વ તારાઓ ઉપરાંત બીજા અદ્રશ્ય દ્રવ્યથી ભરેલું છે. અદ્રશ્ય દ્રવ્ય (dark matter)નો આ પ્રશ્ન આધુનિક બ્રહ્માંડ-વિજ્ઞાનના હાર્દ સમો ગણાય છે.

'ક્યાંક પૃથ્વીને ઊગતી ભાળું!' – શીર્ષક હેઠળના સરસ લેખમાં લેખકે આપણું ઘર-પૃથ્વી કેટલું અદભૂત ને મૂલ્યવાન છે, એ બતાવીને આજે આપણે એક પૈસાદાર પિતાનાં બગડેલાં સંતાનોની જેમ જે મળ્યું છે તેને ફાવે તેમ વાપરવામાં અને ઉડાડવામાં પડ્યા છીએ અને દેવાળિયા થઈ રહ્યા છીએ, તેનો અફસોસ વેદનાપૂર્વક વ્યક્ત કર્યો છે. એક સજાગ-સભાન વિજ્ઞાનીની અદાથી લેખક આપણને યાદ દેવડાવે છે કે પૃથ્વીના આ ગોળાની આસપાસ ૨૦૦ કિલોમીટર જેવી પહોળાઈ ધરાવતો વાતાવરણનો જાડો ધાબળો કુદરતે આપણને ઓઢાડી દીધો છે. બાહ્યાવકાશમાંથી પૃથ્વી પર જેની સતત વર્ષા થયા જ કરે છે, તેવાં અનેક હાનિકારક વિકિરણોથી આ પર્યાવરણ જ આપણી રક્ષા કરે છે. અને આ રક્ષાકવચને જ આપણે નષ્ટભ્રષ્ટ કરી રહ્યા છીએ. 'બ્રહ્માંડનાં રહસ્યો પર ઢંકાયેલા પડદાનું રહસ્ય'માં લેખકે બ્રહ્માંડના પચીસ રહસ્યોની યાદી ને વિગત આપી છે, જેનો તાગ મેળવવા દુનિયાના ટોચના વિજ્ઞાનીઓ કામે લાગેલાં છે.

આ લેખોની પુરવણીરૂપે અપાયેલ સામગ્રી પણ આસ્વાદ્ય છે. પહેલાં ગુચ્છમાં લેખકે એમના જીવનમાં શીખવા-સમજવામાં કેટલાક મહાનુભાવોનો પરિચય પ્રેરક બન્યો છે, આલ્બર્ટ આઈન્સ્ટાઈન જે આપણને પણ ઉપયોગી થાય તેમ છે.

બીજા ગુચ્છમાં વીસમી સદીના વિજ્ઞાનના મનીષી એવા આલ્બર્ટ આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદને આપણા જેવા સામાન્ય માણસ પણ સમજી શકે એવી સરળ ભાષામાં અને રોચક શૈલીમાં લેખકે સમજાવ્યો છે.

ત્રીજું ગુચ્છ કેટલાક છૂટા-છવાયા લેખોથી ઘણું રોચક ને વાચનીય બન્યું છે. એક શીખેલો અને સમજેલો માણસ જીવન પણ સમજણપૂર્વક જ જીવવા મથે; તેની વૈજ્ઞાનિક સજ્જતા તેને માટે જીવનના બધા જ પ્રશ્નો વિશે વૈજ્ઞાનિક પદ્ધતિએ જ વિચારવા-વર્તવાનું અનિવાર્ય બનાવી દે. માતૃભાષામાં જ શિક્ષણ પ્રાપ્ત કરીને લેખકે ભાષાનાં ગુણગાન પણ ગાયાં છે. તેનું પ્રત્યક્ષ પ્રમાણ આ લેખો છે. વિજ્ઞાન જેવો વિષય, છતાં અંગ્રેજીનો લગીરે આશરો લીધા વિના શુદ્ધ, સરળ, પ્રવાહી ગુજરાતીમાં આ લેખો લખાયા છે.

વિજ્ઞાન એટલે શું, વૈજ્ઞાનિક દષ્ટિ અને વૈજ્ઞાનિક અભિગમ એટલે શું, જીવન આખું આધ્યાત્મિક વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અધ્યાત્મની સહાયથી જીવવું એટલે શું, આ બધું શીખવું-સમજવું હોય, તો તેમાં આ બધા લેખો તેમ જ પુરવણી અત્યંત ઉપયોગી થઈ પડે તેવાં છે. અને 'શીખવું એ જ તો જીવન છે!' અંતે પરિશિષ્ટમાં વિનોબાજીનો વિજ્ઞાન-અધ્યાત્મના સમન્વય અંગેનો નાનકડો લેખ પુસ્તકના મૂળ સંદેશને ફરી સરસ રીતે ઘૂંટી આપે છે. તો વાંચો આ પુસ્તક... અને લેખકની આંગળી પકડીને બ્રહ્માંડદર્શનનો આનંદ માણો...!!!

– નીપા ભરૂચા (એસો. પ્રોફેસર, એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન)

# નાટ્યોત્સવ





તા. ૧૯-૧-૨૦૧૭ થી ૨૩-૧-૨૦૧૭ દરમિયાન વેસ્ટ ઝોન કલ્ચર સેન્ટર, ઉદયપુર, વિમિન સેલ, વિમિન સ્ટડી સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર અને લજ્જા રંગમંચના સંયુક્ત ઉપક્રમે પાંચ દિવસીય ''નાટ્યોત્સવ''નું આયોજન થયું હતું.

અનુસંધાન પૃ. ૧૦ પર...

## Subscribe Today

| **Annual** | | **Life** |
|---|---|---|
| Students | : ₹ 50.00 | Faculty & Staff : ₹ 1000.00 |
| Others | : ₹ 75.00 | Institutions & Individuals : |
| Institutions : | ₹ 200.00 | ₹ 2000.00 |

Lifetime Subscription in Foreign Exchange:
US $ 200.00 € 150.00 £ 150.00

Contact: Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* invites news of University's academic institutions, teaching and non-teaching staff, and of students. News should be sent to *Sheel Shrutam* so as to reach fifteen days before the date of publication.

**Contact:** ***Param Pathak***, PG Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.
**Email: sheelshrutam@gmail.com**
Website: **www.spuvvn.edu/academics/publications/**

**Book Post (Printed Matter)**

**If undelivered please return to :**
**The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India**

**Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.**
**Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120**
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
**Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.**